# નાણાકીય વર્ષ ૨૦૧૯-'૨૦ માટે સુધારિત રિટર્ન ફાઇલ કરવા કરદાતાઓને મળી મોટી તક

આવકવેરા ખાતાએ ૨૯ એપ્રિલ, ૨૦૨૨ના રોજ આઇટીઆર-યુ ફૉર્મ નોટિફાય કર્યું છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-'૨૦ના આવકવેરા રિટર્નને અપડેટ કરવા માટે આ ફૉર્મ બહાર પડાયું છે.



**ટૅક્સ રામાયણ**

**પરેશ કપાસી**

આવકવેરાની કલમ ૧૩૯ (૮એ) અને નિયમ ક્ર. ૧૨એસી હેઠળ કોઈ પણ વ્યક્તિ નાણાકીય વર્ષ ૨૦૧૯-'૨૦ તથા ત્યાર પછીનાં આકારણી વર્ષો માટે સુધારિત રિટર્ન ભરવા માટે આઇટીઆર-યુનો ઉપયોગ કરી શકે છે. દરેક આકારણી વર્ષ માટે એક જ સુધારિત રિટર્ન ફાઇલ કરી શકાશે.

## આઇટીઆર-યુ કયા સંજોગોમાં ભરી શકાય?

- અગાઉ રિટર્ન ફાઇલ કરાયું ન હોય
- આવકની સાચી જાણ કરવામાં આવી ન હોય અને કરવેરાની જવાબદારી વધી જતી હોય
- આવક કયા પ્રકારની છે એ જણાવવામાં ચૂક થઈ હોય
- કૅરીડ ફૉરવર્ડ ખોટમાં ઘટાડો થતો હોય
- અનએબ્ઝૉર્બ્ડ ડેપ્રિશિયેશનમાં ઘટાડો થતો હોય
- કલમ ૧૧૫જેબી/૧૧૫જેસી હેઠળ કરવેરાની ક્રેડિટમાં ઘટાડો થતો હોય
- કરવેરાનો ખોટો દર લાગુ થઈ ગયો હોય

## કયા સંજોગોમાં આઇટીઆર-યુ ફૉર્મ ભરી શકાય નહીં?

- શૂન્ય રિટર્ન હોય
- રિટર્નમાં ખોટ દર્શાવવાની હોય અથવા કરવેરાની જવાબદારી ઓછી દર્શાવવાની હોય
- રીફન્ડની રકમમાં વધારો થતો હોય/ રીફન્ડ ક્લેમ કરવાનું હોય
- જે વ્યક્તિ સંબંધે આકારણી વર્ષ માટે સર્ચ/સર્વે/ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય અથવા ચાલી રહી હોય અથવા પૂરી થઈ ગઈ હોય
- આકારણી વર્ષ માટે અસેસમેન્ટ/ રીઅસેસમેન્ટ/રિવિઝન/રિકમ્પ્યુટેશનની કાર્યવાહી ચાલી રહી હોય અથવા પૂરી થઈ ગઈ હોય
- કરદાતા સંબંધિત આકારણી વર્ષ પહેલાં સુધારિત રિટર્ન ફાઇલ કરી શકે નહીં
- સરકારે નોટિફાય કરેલી વ્યક્તિ
- જે વ્યક્તિ દાણચોરી/કાળાં નાણાં/મની લૉન્ડરિંગ/છુપાવાયેલી વિદેશી ઍસેટ્સ વગેરે જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોય

અહીં ખાસ જણાવવાનું કે જો કરદાતાએ વધારે કર ભરવાનો નહીં આવતો હોય તો તેમને સુધારિત રિટર્ન ફાઇલ કરવાની પરવાનગી નથી.

## સુધારિત રિટર્ન કેવી રીતે વેરિફાય કરવું?

- ટૅક્સ ઑડિટના કિસ્સામાં : ડિજિટલ સહી
- ટૅક્સ ઑડિટ સિવાયના કિસ્સામાં: ઇલેક્ટ્રૉનિક વેરિફિકેશનનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે
- સુધારિત રિટર્ન કુરિયર મારફતે બૅન્ગલોર મોકલવા વિશે હજી કોઈ જાણકારી આપવામાં આવી નથી

વધારે વ્યાજની ચુકવણી

| અનુક્રમ | વિગત | વ્યાજદર |
|---|---|---|
| ૧ | જો સુધારિત રિટર્ન સંબંધિત આકારણી વર્ષ પૂરું થયાના ૧૨ મહિનાની અંદર ફાઇલ કરવામાં આવે તો | ૨૫ ટકા |
| ૨ | જો સુધારિત રિટર્ન સંબંધિત આકારણી વર્ષ પૂરું થયાના ૨૪ મહિનાની અંદર ફાઇલ કરવામાં આવે તો | ૫૦ ટકા |

## સરકારનો અભિગમ

સરકાર અગાઉ કોઈ આવક દર્શાવવાનું રહી ગઈ હોય તો કરદાતાને એ દર્શાવવા માટેની તક આપી રહી છે. સાથે જ સરકારને પણ એના દ્વારા આવક થશે. વળી, કરદાતા દ્વારા નિયમપાલન થઈ જશે અને કાનૂની ખટલામાંથી મુક્તિ મળી જશે. આકારણી વર્ષ ૨૦૨૦-'૨૧ અને ૨૦૨૧-'૨૨ માટે જેઓ સાચી આવક દર્શાવી શક્યા નહીં અને એને કારણે એમની કરવેરાની જવાબદારી ઓછી આવી કે શૂન્ય આવી હોય તેમના માટે આ સુવિધા ઉપયોગી થઈ રહેશે. વધારે ૨૫ ટકા કે ૫૦ ટકા કરવેરો ભરીને તેઓ પોતાના રિટર્નને રેગ્યુલરાઇઝ કરી શકશે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.

### સવાલ તમારા...

**મારું નામ હતિક છે. કોરોનાને કારણે હું આકારણી વર્ષ ૨૦૨૦-'૨૧ માટેનું રિટર્ન ફાઇલ કરી શક્યો નહોતો. શું હવે રિટર્ન ફાઇલ કરી શકાશે?**

હા, તમે આઇટીઆર-યુ હેઠળ પોતાની આવક જાહેર કરીને સુધારિત રિટર્ન ફાઇલ કરી શકો છો. તમે આકારણી વર્ષ ૨૦૨૦-'૨૧ માટે વધારાને ૫૦ ટકા અને આકારણી વર્ષ ૨૦૨૧-'૨૨ માટે વધારાનો ૨૫ ટકા કરવેરો ભરીને રિટર્નને રેગ્યુલરાઇઝ કરી શકો છો.

જો તમારા ડાયરેક્ટ ટૅક્સને લગતા કોઈ સવાલ હોય તો સબ્જેક્ટમાં બિઝનેસ લખીને મોકલો askgmd@mid-day.com પર. મિડ-ડેના એક્સપર્ટ આપશે તમને ગાઇડન્સ.